# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૩/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીકમાં સંપત્તિ, વારસા તેમજ નવાં રોકાણ બાબતે ખાસ સાવધાની રાખવી. નવા રચનાત્મક કામથી યશ મળે. ઉઘરાણી બાબતે પ્રગતિ થાય. પરિવારમાં આનંદ અને ઉત્સવ જેવું વાતાવરણ પેદા થાય. શિક્ષણ, દલાલી, ટેકનોલોજી, પ્રવાસને લગતાં કામ થાય. ઓનલાઈન રોકાણ કે ઓર્ડરમાં સાવધાની રાખવી. કુટુંબજીવનમાં આનંદમય સમય પસાર થાય. નવાં ઘર, વાહનની યોજના બને. અચાનક કોઇ તરફ આકર્ષણ પેદા થઇ શકે છે.

**વૃષભ (બ.વ.ઉ.)** સપ્તાહ આરોગ્ય બાબતે હકારાત્મક રહેશે. શરીરમાં એક નવી ઊર્જાનો અનુભવ થાય. ધાર્મિક વાતાવરણથી મન પ્રફુલ્લિત રહે. નવાં કામ કરવાની પ્રેરણા મળે. આગળ કરેલાં રોકાણ અને મહેનતનું ફળ મળશે. પરિવારમાં નવા મહેમાન કે શુભ સમાચારના આગમનથી ખુશી વધશે. નોકરી ધંધામાં હકારાત્મક પ્રગતિ થાય. ટેકનોલોજીનો લાભ મળે. અચાનક કોઇ દેવી કૃપા કે આશીર્વાદનો અનુભવ થાય, ખર્ચા વધશે.

**મિથુન (ક.છ,ઘ.):** ચાલુ વીકમાં આર્થિક બાબતે સંતુલન રાખવું પડશે. અચાનક ખર્ચા આવશે. પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે અથવા માનસિક ત્રાસજનક રહેશે.ધાર્મિક રહનસહનથી આત્મવિશ્વાસ વધશે. ઘર-પરિવાર માટેની કોઇ યોજના અચાનક સફળ બને. નવા ફેરફારથી લાભ થાય. ઘરમાં નવા મહેમાનનું આગમન થવાની શકયતા. રચનાત્મક કામથી શાંતિ મળે. સંતાનોની સમસ્યાનું સમાધાન થઇ શકે. આવક વધે.

**કર્ક (ડ.હ.):** ચાલુ વીકમાં રોમેન્ટીક મુલાકત થાય. પ્રેમમાં હકારાત્મક પ્રગતિ થાય. કોઇ ભેટ મળી શકે છે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિજાતિય મિત્રોનો સાથે રહે. નવા રોકાણથી લાભ થાય. ધર્મ-કર્મ, દેવદર્શન અને તીર્થયાત્રાથી શાંતિ મળે. શુભ કામમાં ખર્ચા વધે. સામાજિક કાર્યથી યશ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. આરોગ્ય સુધરે. નોકરીમાં નવા હકારાત્મક ફેરફાર થાય. દાંપત્યજીવનમાં ઉત્સાહ રહે. આવક વધે.

**સિંહ (મ.ટ.)** ચાલુ વીકમાં તમારા હકારાત્મક અને નવા વિચારોની કદર થાય. નવા ફેરફારથી આર્થિક લાભ અને ધંધામાં નવા સોદા પાર પડશે. પિતા સાથે ઘર્ષણ થાય. સમાજમાં સાવધાની રાખવી પડશે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. નવાં આર્થિક રોકાણ થાય. મિત્રો સાથે નવા વેપારની યોજના બને. પ્રેમમાં સાથ મળે. સંતાન-જીવનસાથીનાં કામમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રાથી મનને શાંતિ મળશે.

**કન્યા (પ.ઠ.ણ.)** સપ્તાહ દરમિયાન પોતાની પ્રતિભા બતાવવાનો મોકો મળશે. સાથે કામ કરનાર અને વડીલો તથા ઉપરી વર્ગની સાથે તાલમેળથી કામ કરવાથી કાર્ય સિદ્ધ થાય. કેરિયરમાં આગળ વધવાની તક અચાનક મળશે. નવા વેપાર-ધંધામાં કુટુંબનો સાથ મળે. સંપત્તિ બાબતે સોદા પાર પડે. મિત્રો સાથે સમાજસેવા થાય. સંતાનોની અભ્યાસી યોજના પાર પડે. પ્રેમનો પ્રસ્તાવ નવાઈજનક રીતે આવી શકે છે.

**તુલા (ર.ત.)** ચાલુ વીકમાં ટીમ સાથે કામ કરવાથી નવું શીખવા મળશે. ઉતાવળ કરવી નહીં. કામ કરવાની ક્ષમતા અને કુશળતા પ્રભાવ વધારે. આરોગ્યનો સાથ મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડે. વિદેશનાં કામમાં ધીરજ રાખવી. ધર્મ-કર્મ દાન પુણ્ય દેવદર્શન થાય. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહેશે. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન.ય.)** ચાલુ વીકમાં ઘરમાં નાનાં સભ્યો અને જીવન સાથીના આરોગ્ય તથા શિક્ષણને લગતાં કામ સરળ બને. રોજની આવક વધશે. શુભ સમાચાર મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. નોકર-ચાકરથી સાવધાન રહેવું. સરકારી યોજનાનો લાભ મળે. આરોગ્ય બાબતે અચાનક સમસ્યા પેદા થઇ શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળશે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ઉપરી વર્ગનો સાથ મળશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** સપ્તાહ દરમિયાન સરકારી નોકરીની શકયતા વધશે. સરકારી સરળ યોજનાનો લાભ મળે. પેટ અને પાચનતંત્રને લગતી સમસ્યા સતાવે. નોકર -ચાકરથી સાવધાન રહેવું. અચાનક કામની ગતિ વધશે. ઘરમાં સ્ત્રીઓને અનુકૂળતાનો અનુભવ થાય. સાથે કામ કરનાર તથા કુટુંબનાં સભ્યોના હકારાત્મક અભિગમથી કામકાજમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવે. ઉંમરલાયકના વિવાહની અનુકૂળતા વધશે. શુભ સમાચાર મળે. ખર્ચા વધે.

**મકર(ખ.જ.)** ઉત્સાહજનક વીકની શરૂઆત થાય. પડવા-વાગવાથી સાવધાન, મન અતિ ક્રિયાશીલ રહેવાથી કામમાં વિલંબ થાય. નવા સંબંધોથી સાવધાન રહેવું. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે. ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. મોજશોખના ખર્ચા વધશે. ઘરમાં મહેમાનોની અવરજવર વધે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. પાચનતંત્રની અને માનસિક સમસ્યા વધશે.

**કુંભ (ગ.સ.શ.ષ.)** સપ્તાહ બાંધકામ રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલાને તક મળે. નોકરીમાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે. ધંધા વેપારમાં નફો વધશે. પરિવારમાં ધાર્મિક ઉત્સવ જેવું વાતાવરણ રહે. નવા વાહનની યોજના પાર પડે સમાજમાં યશ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવી શકે. અચાનક ઇનામ મળે. સંતાનોનાં કામ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમગરમ રહે.

**મીન (દ.ચ.ઝ.થ.)** ચાલુ વીકમાં તમારા કામથી યશ મળે. વહીવટી કુશળતાનો લાભ મળે. ધંધામાં આવક વધશે. ઉધારી આવી શકે છે. સર્જનાત્મક કામમાં સફળતા મળે. પરિવારને મદદરૂપ બનશો. ઘર, વાહન, મકાન, બાબતે યોજનામાં પ્રગતિ થાય. બહારનાં કામ થાય. રિયલ એસ્ટેટના ધંધામાં સફળતા મળે. વારસાના કામમાં ગતિ આવે. પ્રેમ પ્રકરણમાં સહકાર મળે. ઉચ્ચ કક્ષાનાં મિત્રોનો સાથ મળે.

# સમસ્યા અને સમાધાન

**પ્રશ્ન :** જુલાઈ 2026માં મારી ઉંમર પચાસ વર્ષની થશે. 2003માં પ્રથમ લગ્ન થયાં ત્યારે હું રેલવેમાં નોકરી કરતો હતો. મારાં માતા-પિતા બંને સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર હતાં. લગ્નજીવનમાં અચાનક સમસ્યાના કારણે મારે નોકરી છોડીને વિદેશ ચાલ્યા જવાનું થયું. એક સંતાન સાથે કોર્ટના હુકમ પછી ચોક્કસ રકમ પછી છૂટાછેડા થયા. 2012માં બીજાં લગ્ન કર્યાં તે પણ એક સંતાન સાથે બે વર્ષની અંદર જ કોર્ટ કેસ પછી છૂટાછેડા કર્યા. 2018માં ત્રીજાં લગ્ન પણ બે વર્ષની એક સંતાન સાથે છૂટાછેડા 2021માં થયા. મારાં ત્રણ લગ્ન મને ઘણા જ નુકસાનમાં ઉતારનાર અને મોટા ભાગે કોર્ટમાં લડવામાં જ પસાર થયા છે. આ સમય દરમિયાન બે વાર આત્મહત્યા કરવાની કોશિશ કરી પણ બચી ગયો પણ મારું આરોગ્ય અને માનસિક સ્થિતિ ડામાડોળ થઇ ગઇ છે. મારો પ્રથમ સવાલ છે કે મારું આયુષ્ય કેટલું છે? બંને વખત કેમ બચી ગયો. બીજો સવાલ મારે ચોથા લગ્ન કરવાં જોઈએ. મારાં કુટુંબીજનો તેની તૈયારી કરે છે. જો કે મારી પણ ઇચ્છા છે પણ અમેરિકાના કાયદા ખૂબ કડક છે. પ્રથમ ત્રણ લગ્ન ભારતમાં થયા અને ત્યાં જ કોર્ટમાં નિકાલ કરવો પડયો. સામાજિક, પારિવારિક અને આર્થિક રીતે અમારી સ્થિતિ ઘણી સારી છે એટલે જ મારી સાથે કોઇ પણ લગ્ન કરવા તૈયાર થઇ જાય છે. શારીરિક અને માનસિક હાલત સારી રહે તે માટે યોગ્ય ઉપાય બતાવશો. જ.તા. 27-07-1976 સવારે 05:06 સ્થળ..

**જવાબ :** તમારું કર્ક લગ્ન ફક્ત ચાર અંશનું નિર્બળ છે અને પુષ્ય નક્ષત્રના પ્રથમ ચરણનું છે. ઉપરાંત દેહભુવનમાં સૂર્ય, ચંદ્ર પણ પુષ્ય નક્ષત્રના અમાવસ તિથિના આરોગ્ય અને માનસિક સ્થિતિ માટે બિલકુલ સારી નથી. સાથે બુધ અને શુક્ર બંને આશ્લેષાના બીજા ચરણમાં આ એક લક્ષ્મીયોગ કરે છે. પણ લગ્નજીવન માટે શુભ નથી. ગંડાત અવસ્થામાં છે અને સાથે શનિ પણ પુષ્ય નક્ષત્રનાં ત્રીજા ચરણમાં સૂર્ય શનિની અંશાત્મક યુતિ છે જે સૌથી અશુભ યોગ કરે છે. નિયમ પ્રમાણે કર્કમાં શુક્ર શનિવાળાં જાતકોનું લગ્નજીવન પૂર્વનાં કર્મોના ફળ સ્વરૂપે સજા સમાન હોય છે. આમ તમારા દેહ ભુવનમાં કુલ પાંચ ગ્રહોનો અશુભ યોગ તે પણ ગંડાત રાશિ કર્કમાં અને શુક્ર બુધ આશ્લેષમાં સાફ સંકેત આપે છે કે તમો પૂર્વના શાપિત આત્મા છો અને એક ચોક્કસ પ્રકારના વાતાવરણમાં રહેવા અને તેની પીડા ભોગવવા જન્મ્યા છો અને તે છે લગ્ન અને સંતાનસુખનો અભાવ અને આ જ વાતાવરણમાં મજબુર થઇને રહેવું પડે છે. બીજો અશુભ યોગ કાળસર્પદોષ છે.

શંખપાલ નામના અશુભ કાળ સર્પના ભરડામાં છો. ચોથે સ્વાતિ નક્ષત્રનો બળવાન રાહુ અને દસમે ભરણી નક્ષત્રનો બળવાન કેતુ માતા-પિતા માટે મુસીબત અને સંતાન વગેરે સુખથી વંચિત રાખે. સંતાન- પત્ની હોવા છતાં તેનું સુખ ન મળે. બીજા સ્થાનમાં સિંહનો બળવાન મંગળ જે ચલિતમાં ત્રીજે આવે છે. આ મંગળના કારણે રેલવેમાંથી નોકરી છોડવી પડી અને તે પણ પત્નીના કારણે મંગળ સ્વતંત્ર, ન્યાયપ્રિય અને કડવું સત્ય બોલનાર તેમજ પોતાના હક કે ન્યાય માટે લડનાર બનાવે છે. આવાં મંગળવાળાં જાતકો કોઇની સાથે સમજોતો કરીને રહી શકતાં નથી. તેમનાં દુશ્મનો સ્વજનો જ હોય છે. લાભસ્થાનનો ગુરુ સંતાનસુખ આપનાર છે પણ પાંચમે મંગળની સ્વગ્રહી દૃષ્ટિ તે સુખથી વંચિત કરે છે. તમારા જીવનમાં ગુરુનો પ્રભાવ વધુ છે. માટે આર્થિક રીતે સમૃદ્ધ છો તેમજ દરેક લગ્ન વખતે એક એક સંતાનના પિતા બન્યા છો અને ભવિષ્યમાં સંતાન તમારી પાસે આવશે જ.

તમારા પ્રથમ સવાલને સમજવાની કોશિશ કરીએ તો આયુષ્યનો કારક અને આયુષ્યસ્થાનનો માલિક શનિ દેહભુવનમાં છે. ઉપરાંત શનિ મારકેશ પણ છે. ત્રીજાનો સ્વામી બુધ પણ આયુષ્ય અને મારકનો કારક બને છે. સૂર્ય જે બીજાનો માલિક છે તે પણ મારક બને છે. આમ સૂર્ય-બુધ અને શનિ મારકેશ છે. સાથે આયુષ્યને વધારનાર પણ બને છે. સૂર્ય જીવનદાતા ગ્રહ છે. લગ્નેશ ચંદ્ર દેહભુવનનો સ્વામી છે જે દેહભુવનમાં પીડિત હોવાના કારણે શારીરિક અને માનસિક પીડા આપે છે. ચલિતમાં મંગળ ત્રીજે બુધ શુક્ર બીજે અને સૂર્ય-શનિ ચંદ્ર દેહભુવનમાં શનિની મંગળ પર દૃષ્ટિના કારણે આત્મહત્યાના વિચારો આવે અને અમલમાં પણ મૂકો છો. પરંતુ શનિ કષ્ટદાયક લાંબુ આયુષ્ય આપનાર બને છે. માટે અકાળ મૃત્યુના યોગ નબળા થાય છે. જો કે અકાળ મૃત્યુના યોગ થાય પણ છે પણ જીવનદાતા ગ્રહ સૂર્ય-ચંદ્ર બચાવે છે. માટે શારીરિક અને માનસિક પીડાની મુક્તિ માટે ભગવાન શિવનું શરણું લો. મોતીનું નંગ ધારણ કરો. ચાંદીની ધાતુનાં વાસણોનો ઉપયોગ ખાવા-પીવામાં કરો. મોતીનું નંગ ચાંદીમાં પહેરો. હજુ આયુષ્યનો અંત આવ્યો નથી.

રહી ચોથા લગ્નની વાત તો તે માટે તમારી કુંડલી પ્રતિકૂળ છે. પ્રથમ તો સાતમાનો માલિક શનિ સાતમે સ્વગ્રહી દૃષ્ટિ કરે છે અને તે સૂર્ય સાથે અંશાત્મક યુતિમાં છે. વળી શુક્ર અને શનિ બંને કર્ક રાશિમાં છે. ઉપરાંત ચોથે રાહુ જે વારંવાર લગ્નના યોગ કરે છે અને લગ્નભંગ પણ કરે છે. તમારું પ્રથમ સ્થાન અને સાતમું સ્થાન બગડયાં છે. પ્રથમમાં પાંચ ગ્રહો એક સાથે જે શરીરના સુખને તેમજ મનની શાંતિને હણે છે. આ પાંચે ગ્રહોની સાતમે દૃષ્ટિ જે તમારા લગ્નજીવનને ટકવા નહીં દે માટે તમારી કુંડલીની સ્થિતિ પ્રમાણે તો તમારે ચોથા લગ્ન કરવા જોઈએ નહીં. પણ 2030 પછી વિચારી શકાય. તમારા જીવનમાં ઉંમર વર્ષ 54 પછીનો તબક્કો સારો બતાવે છે. તમે અભ્યાસ કરશો તો ઉંમર વર્ષ 27, 36, 45, ના તબક્કામાં તમારા જીવનમાં જે કંઇ ઘટના ઘટી છે તે કાયમી અસર કરનાર રહી છે. આ જ તબક્કામાં ત્રણેય લગ્ન થયાં, ત્રણ સંતાન અને કોર્ટ કચેરીમાં આર્થિક, સામાજિક, માનસિક અને શારીરિક સજા ભોગવવાનું બન્યું છે. માટે ઉંમર વર્ષ 54 પછી વિચારી શકાય તે પણ પાછળના જીવનમાં સહકાર માટે. જો કે તમારી કુંડલી પ્રમાણે તો ન જ કરવાં જોઈએ. તમોને અનુકૂળ પાત્ર મળવું મુશ્કેલ છે. માટે અધ્યાત્મ તરફ વળો અને પરિવાર સાથે તાલમેળ રાખો.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલાં ગુજરાતમાં પાવર પ્લે

**ભાજપ,** કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિકોણિયો જંગ

**રાહુલ** ગાંધી -કેજરીવાલની મુલાકાતથી રાજકીય ગરમાટો

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ઉમરેઠ પેટા ચૂંટણીના ભણકારા સાથે જ રાજકીય તાપમાન અચાનક વધી ગયું છે. ચૂંટણીના ઢોલ વાગે તે પહેલાં જ રાજ્યમાં ત્રિપક્ષીય જંગ છવાઈ ગયો છે અને ભાજપ, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી ત્રણેય મેદાનમાં પૂરજોશમાં ઉતરી ગઈ છે. કેન્દ્રીય નેતાઓના સતત આંટાફેરા વચ્ચે હવે ગુજરાતનું રાજકારણ હાઈ વોલ્ટેજ મોડમાં પ્રવેશી ગયું છે.

આ રાજકીય ગરમાવા વચ્ચે આવતીકાલે તા. 23 માર્ચે લોકસભામાં વિપક્ષના નેતા અને પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. લાંબા સમય બાદ ગુજરાતમાં તેમની એન્ટ્રીને કોંગ્રેસ માટે 'રિવાઈવલ મિશન' તરીકે જોવામાં આવી રહી છે. ખાસ કરીને વડોદરા અને આસપાસના આદિવાસી પટ્ટામાં પોતાની મજબૂત પકડને વધુ મજબૂત બનાવવા કોંગ્રેસ સંગઠન સ્તરે જોરદાર તૈયારીઓ કરી રહી છે. છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ અને નર્મદા જેવા વિસ્તારોમાં કોંગ્રેસ ફરીથી જમીન મજબૂત કરવા મથામણ કરી રહી છે. 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટીએ 'સંગઠન નિર્માણ અભિયાન' શરૂ કર્યું છે, અને રાહુલ ગાંધીનો આ પ્રવાસ તેના માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે. બીજી તરફ આમ આદમી પાર્ટી પણ હવે એક્શન મોડમાં આવી ગઈ છે. 24 થી 27 માર્ચ દરમિયાન પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવત માન ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ માત્ર ઔપચારિક નહીં પરંતુ વ્યૂહાત્મક માનવામાં આવી રહ્યો છે. બંને નેતાઓ સૌરાષ્ટ્ર પર ખાસ ફોકસ કરશે, જ્યાં આપ પોતાની પકડ મજબૂત બનાવવા મક્કમ છે. 24 માર્ચે રાજકોટ પહોંચ્યા બાદ 25 માર્ચે પ્રદેશ નેતૃત્વ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાશે, જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ઉમરેઠ પેટા ચૂંટણી માટેની રણનીતિ ઘડાશે.

ત્યારબાદ અમરેલી, લાલપુર અને દેવગઢ બારીયા ખાતે જાહેર સભાઓ દ્વારા જનસમર્થન મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે. AAP માટે આ પ્રવાસ 'મેક ઓર બ્રેક' સાબિત થઈ શકે છે.

આ બધાની વચ્ચે ભાજપ પણ શાંત નથી બેઠી. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ છોટાઉદેપુરમાં કાર્યકર્તા સંમેલનમાં કોંગ્રેસ પર કરકસર પ્રહાર કરતાં રાજકીય માહોલ વધુ ગરમાવી દીધો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસે વર્ષો સુધી આદિવાસી સમાજને ફક્ત વચનો આપ્યા અને ભ્રષ્ટાચાર કર્યો, જ્યારે ભાજપે વિકાસ અને સન્માન આપ્યું છે. "કોંગ્રેસ ચૂંટણી સમયે જ દેખાય છે, જ્યારે ભાજપ સતત કામ કરે છે," કહી તેમણે કાર્યકર્તાઓમાં જીતનો જુસ્સો ભરી દીધો હતો. ભાજપે આદિવાસી પટ્ટામાં પોતાની મજબૂત પકડ જાળવવા માટે ખાસ અભિયાન શરૂ કર્યું છે.

રાજ્યમાં હવે ચૂંટણી પંચ દ્વારા 26 માર્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું શિડયુલ જાહેર થવાની શક્યતા છે, જેના કારણે રાજકીય હલચલ વધુ તેજ બની ગઈ છે.

# JEE મેઈન સેશન-૨ માટે સિટી સ્લીપ જાહેર

**નોંધણી** ઓછી થતા પરીક્ષાનાં દિવસો ઘટાડી દીધા

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જેઈઈ મેઈન સેશન-૨ માટે સિટી ઈન્ફોર્મેશન સ્લિપ જાહેર કરાતા વિદ્યાર્થીઓમાં તૈયારીનો અંતિમ તબક્કો શરૂ થયો છે. આ વખતે ખાસ વાત એ રહી છે કે ઓછા પ્રમાણમાં નોંધણી થતા પરીક્ષાના દિવસોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે શિક્ષણ વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મૂળ આયોજન મુજબ પરીક્ષા ૨થી ૯ એપ્રિલ વચ્ચે યોજાવાની હતી, પરંતુ હવે તે ૨થી ૮ એપ્રિલ દરમિયાન પૂર્ણ થશે. આ ફેરફારથી વિદ્યાર્થીઓને પરીક્ષાની તારીખો અંગે વધુ સ્પષ્ટતા મળી છે, સાથે જ આયોજનમાં લવચીકતા પણ જોવા મળી રહી છે.

ગુજરાતમાં સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, નવસારી, વાપી સહિત કુલ ૧૫ શહેરોમાં પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાની સિટી સ્લિપ ડાઉનલોડ કરી શકે છે, જેથી તેઓ પરીક્ષા કેન્દ્ર અને શહેર વિશે પૂર્વ માહિતી મેળવી શકે.

પ્રથમ સેશન જાન્યુઆરીમાં પૂર્ણ થયા બાદ જ બીજા સેશન માટે નોંધણી શરૂ કરવામાં આવી હતી. નોંધણી ચૂકી ગયેલા વિદ્યાર્થીઓને એક વધારાની તક આપતાં એજન્સીએ વધુ વિદ્યાર્થીઓને સામેલ કરવાની કોશિશ કરી હતી. તેમ છતાં, નોંધણી સંખ્યા અપેક્ષાથી ઓછી રહેતા પરીક્ષા સમયગાળા ટૂંકાવવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓની નજર ૨૫ માર્ચ પર છે, કારણ કે એ દિવસે એડમિટ કાર્ડ જાહેર થવાની શક્યતા છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૦ એપ્રિલ સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે, જેથી એન્જિનિયરિંગ પ્રવેશ પ્રક્રિયા આગળ વધી શકે.

# ગુજરાતમાં દિવસે ગરમી રાત્રે ઠંડીનો અનુભવ !

**તાપમાનનો** પારો સરેરાશ 35 ડિગ્રીએ પહોંચ્યો

અમદાવાદ : ગુજરાતમાં હાલ હવામાનનું ડબલ સ્વરૂપ જોવા મળી રહ્યું છે. એક તરફ દિવસ દરમિયાન ગરમી ધીમે ધીમે પકડાઈ રહી છે, તો બીજી તરફ સવાર અને રાત્રિના સમયે હજુ ઠંડીનો અહેસાસ યથાવત્ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ડીસા અને વલ્લભ વિદ્યાનગરમાં લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું, જેના કારણે વહેલી સવારે ઠંડકનો માહોલ અનુભવાયો હતો.

બીજી તરફ રાજ્યના મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાન સતત ઊંચું નોંધાઈ રહ્યું છે. કંડલા પોર્ટ પર સૌથી વધુ 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, કેશોદ અને સુરતમાં પણ 35 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. અમદાવાદ અને ગાંધીનગરમાં 34 ડિગ્રી, વડોદરામાં 34 ડિગ્રી અને ભાવનગર, પોરબંદર તથા મહુવામાં 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભુજમાં 33 ડિગ્રી, નલિયામાં 32 ડિગ્રી અને દમણમાં 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ મુજબ પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના પાકિસ્તાન વિસ્તારમાં 1.5 કિમી ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત્ છે. સાથે જ મધ્ય ટ્રોપોસ્ફિયરમાં પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) પણ સક્રિય છે, જેના કારણે હવામાનમાં આ પ્રકારની ભિન્નતા જોવા મળી રહી છે.

હવમાન વિભાગના વૈજ્ઞાનિકોના કરેલી આગાહી મુજબ , આગામી 48 કલાક દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. ત્યારબાદ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

હાલની સ્થિતિને જોતા દિવસ દરમિયાન ગરમી વધુ તીવ્ર બનવાની શક્યતા છે, જ્યારે સવાર અને રાત્રે હળવી ઠંડી યથાવત્ રહેશે. આમ, ગુજરાતમાં હવામાનનો આ "હોટ-એન્ડ-કૂલ" મિક્સ આગામી દિવસોમાં પણ ચાલુ રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ઉમરેઠમાં પેટાચૂંટણીમાં ટિકિટ માટે ભાજપમાં જંગ

**અહીં** ચતુષ્કોણીય ટક્કર થાય તેવી સંભાવના

ગાંધીનગર : ગુજરાતની રાજનીતિમાં ઉમરેઠ વિધાનસભા બેઠક હવે 'હોટસીટ' બની ગઈ છે. ભાજપના ધારાસભ્ય સ્વ. ગોવિંદ પરમારના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર યોજાનારી પેટાચૂંટણીને લઈને રાજકીય તાપમાન ઉકળવા લાગ્યું છે. કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ 23 એપ્રિલે મતદાન અને 4 મેના રોજ પરિણામ જાહેર થશે, આગામી તા.30 મી માર્ચના રોજ પેટા ચૂંટણી માટે નોટિફિકેશ જાહેર થશે, તે પછી તા.6ઠ્ઠી એપ્રિલ સુધી ઉમેદવારી કરી શકાશે.આ સાથે જ ઉમરેઠમાં રાજકીય ઘમાસાણે જોર પકડી લીધું છે.

ભાજપ માટે આ બેઠક પ્રતિષ્ઠાના જંગ સમાન બની ગઈ છે. છેલ્લા બે ટર્મથી આ સીટ ભાજપ પાસે હોવાને કારણે જીત જાળવી રાખવી પાર્ટી માટે અનિવાર્ય બની છે. પરંતુ બહારના વિરોધીઓ પહેલાં પાર્ટી અંદર જ ટિકિટ માટે ભારે ખેંચતાણ શરૂ થઈ છે. સ્વ. ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ પરમાર સૌથી મજબૂત દાવેદાર ગણાઈ રહ્યા છે, પરંતુ બળવંતસિંહ પરમાર, સુનિલસિંહ સોલંકી, જયંત બોસ્કી, ભૂષણ ભટ્ટ અને મિલનસિંહ વડોદિયા જેવા નેતાઓ પણ મેદાનમાં ઉતરવા આતુર છે. આવી સ્થિતિમાં 'એક ટિકિટ, અનેક દાવેદાર'ની પરિસ્થિતિ ભાજપ માટે માથાનો દુખાવો બની છે.

બીજી તરફ કોંગ્રેસ પણ આ વખતે જોરદાર વાપસીના મૂડમાં છે. પાર્ટી મહિલા ઉમેદવાર ઉતારવાની રણનીતિ પર કામ કરી રહી છે, જેથી સામાજિક સમીકરણો સાથે સહાનુભૂતિની લહેર ઉભી કરી શકાય.

સાથે સાથે આમ આદમી પાર્ટી પણ મેદાનમાં કૂદવાની તૈયારીમાં છે, જે ચૂંટણીને વધુ રસપ્રદ બનાવે છે. એનસીપીના જયંત પટેલ બોસ્કીએ પણ પોતે ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. આથી હવે ઉમરેઠમાં સીધી લડત નહીં પરંતુ ત્રિકોણીય કે ચતુષ્કોણીય જંગ સર્જાવાની પૂરી શક્યતા ઉભી થઈ છે.

### ઉમરેઠ બેઠકનો રાજકીય ઈતિહાસ પણ ઉતાર-ચઢાવ ભર્યો રહ્યો છે.

1970ના દાયકાથી કોંગ્રેસનો દબદબો રહ્યો હતો, પરંતુ 2002 બાદ ભાજપે અહીં મજબૂત પકડ બનાવી છે. 2012માં એનસીપીના જયંત પટેલ બોસ્કીએ જીત મેળવી હતી, જ્યારે 2017 અને 2022માં ભાજપના ગોવિંદ પરમારે જીતનો ઝંડો લહેરાવ્યો હતો. છેલ્લી ચૂંટણીમાં તેમણે 26,717 મતોના અંતરથી વિજય મેળવ્યો હતો. વિસાવદર અને કડી જેવી તાજેતરની પેટાચૂંટણીઓમાં મળેલા મિશ્ર પરિણામોને ધ્યાનમાં લેતા ઉમરેઠની આ જંગ વધુ જ રસપ્રદ બની છે. નજીકમાં આવનારી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી પહેલાં આ પેટાચૂંટણી પક્ષો માટે 'મૂડ ટેસ્ટ' સાબિત થવાની છે. સ્થાનિક મુદ્દાઓ પણ આ વખતે ચૂંટણીમાં ગરમી ઉમેરશે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, નવી ટાઉન પ્લાનિંગ સ્કીમ અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કારણે જમીનના વધતા ભાવો સ્થાનિક રાજકારણમાં કેન્દ્રસ્થાને આવી રહ્યા છે. મતદારો હવે માત્ર વચનો નહીં, પરંતુ વિકાસના સ્પષ્ટ પરિણામો માંગે છે. આ રીતે ઉમરેઠ પેટાચૂંટણી હવે માત્ર એક બેઠક માટેની લડત નથી, પરંતુ ગુજરાતની રાજકીય દિશા નક્કી કરનાર 'મિની બેટલ' બની ગઈ છે. ઉમેદવારોની અંતિમ જાહેરાત બાદ આ જંગ વધુ તીવ્ર બનવાની પૂરી શક્યતા છે – અને કોણ મારશે બાજી તે જાણવા હવે સૌની નજર ઉમરેઠની પેટા ચૂંટણી પર ટકી છે.

## અનુસંધાન ... પાના ત્રીજાનું

### ઈઝરાયેલના અણુ...

મોટા હુમલા છતાં કોઈનું મોત ન થયું તે એક 'ચમત્કાર' છે.

ઈઝરાયેલની અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ આ વિસ્તારમાં પ્રથમ વખત ઈરાની મિસાઈલોને રોકવામાં નિષ્ફળ રહી છે, જેને ઈરાને યુદ્ધના 'નવા તબક્કા' તરીકે ગણાવ્યું છે. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ આ સાંજને દેશ માટે અત્યંત મુશ્કેલ ગણાવી છે. આ દરમિયાન, ઉત્તર ઈઝરાયેલમાં હિઝબુલ્લાહના રોકેટ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે કતારના દરિયામાં એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં 3 કતારી અને 3 તુર્કી સૈનિકો સહિત 6 લોકોના મોત થયાં છે. અત્યાર સુધીના આ યુદ્ધમાં ઈરાનમાં 1500થી વધુ અને ઈઝરાયેલમાં 19 લોકોએ જીવ ગુમાવ્યા છે. યુએનની પરમાણુ વોચડોગ સંસ્થા (આઈએઈએ) હાલમાં ઈઝરાયેલના પરમાણુ કેન્દ્ર અને ઈરાનના નતાન્ઝ પ્લાન્ટ પર થયેલા હુમલાની તપાસ કરી રહી છે.

### હિમાચલના સિરમૌર...

તેઓ ખેતર તરફ જઈ રહ્યા હતા. માહિતી મળ્યા બાદ પોલીસ અને વહીવટી અધિકારીઓની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસે આ વસ્તુને એક સામાન્ય રમકડાનો બલૂન ગણાવ્યો હતો અને સુરક્ષાના કોઈ પણ જોખમની શક્યતાને નકારી કાઢી હતી. રાજગઢના ડીએસપી વિદ્યાચંદ નેગીએ જણાવ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ આ બલૂન શંકાસ્પદ જણાતો નથી અને જનતાએ ગભરાવાની જરૂર નથી. તેમણે જનતાને એવી અપીલ પણ કરી હતી કે જો તેમને ક્યાંય પણ આવી કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળે તો તરત જ વહીવટીતંત્રને જાણ કરે. આવા ફુગ્ગાઓ અગાઉ ઉના, બિલાસપુર અને કાંગડા જિલ્લામાં પણ જોવા મળ્યા હતા.

### જેડી(યુ)ના...

આરએલડી ચીફ જયંત ચૌધરીને (તેમના દાદા) ચૌધરી ચરણ સિંહ જેવા બનતા જોવા આવ્યા છે.

તેમણે આરએલડીમાં તેમના કાર્યકાળ દરમિયાન ચરણ સિંહના વિઝન અને આદર્શોને આગળ વધારવાની પ્રતિજ્ઞા લીધી હતી. આરએલડી પણ જેડી(યુ)ની જેમ જ ભાજપની સહયોગી અને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)નો હિસ્સો છે.

અનુભવી સમાજવાદી નેતા કે.સી. ત્યાગી અહીં આયોજિત એક કાર્યક્રમમાં પાર્ટી પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીની હાજરીમાં તેમના સમર્થકો સાથે આરએલડીમાં જોડાયા હતા. ત્યાગીએ મંગળવારે કોઈ કારણ આપ્યા વિના જેડી(યુ) છોડવાની જાહેરાત કરી હતી. તેઓ ઓક્ટોબર 2003માં સમતા પાર્ટી અને જનતા દળના વિલય સાથે જેડી(યુ) અસ્તિત્વમાં આવ્યું ત્યારથી તેની સાથે જોડાયેલા હતા. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારની આગેવાની હેઠળની પાર્ટીમાં તેમણે મુખ્ય મહાસચિવ, મુખ્ય પ્રવક્તા અને રાજકીય સલાહકાર સહિત વિવિધ હોદ્દાઓ પર સેવા આપી હતી. જયંત ચૌધરીએ ત્યાગીનું પાર્ટીમાં સ્વાગત કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેઓ આરએલડીને નવી ઊર્જા અને તાકાત પૂરી પાડશે.

### આસામ પોલીસ...

આસામ પોલીસની વારંવારની કાર્યવાહી અને ગયા વર્ષે સેના દ્વારા તેમના કેમ્પ પર કરવામાં આવેલા કથિત ડ્રોન હુમલાના જવાબમાં 'ઓપરેશન બુજોની' કરવામાં આવ્યું હતું. આ હુમલો 9 એપ્રિલના રોજ યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા થયો છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ હુમલો સવારે લગભગ 2.30 વાગ્યે કરવામાં આવ્યો હતો. ઉગ્રવાદીઓએ કેમ્પ પર અનેક રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ (આરપીજી) શેલ છોડ્યા હતા, જેમાંથી પાંચ શેલ વિસ્ફોટ થયા હતા. કેમ્પમાં તૈનાત સુરક્ષા જવાનોએ તાત્કાલિક વળતો જવાબ આપ્યો હતો, જેના કારણે થોડીવાર ગોળીબાર થયો હતો. આ હુમલો સાત સભ્યોના જૂથ દ્વારા કરવામાં આવ્યો હોવાની શંકા છે, જે અંધારાનો લાભ લઈને અરુણાચલ પ્રદેશની આંતરરાજ્ય સરહદ પાર કરીને ભાગી ગયા હતા.હુમલામાં ઘાયલ થયેલા ચાર સુરક્ષા જવાનોને સારવાર માટે ડિબ્રુગઢની આસામ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (એએમસીએચ)માં લઈ જવામાં આવ્યા હતા. એએમસીએચ સુપરિન્ટેન્ડેન્ટ ધ્રુવજ્યોતિ ભુયાને જણાવ્યું હતું કે, તમામ ઈજાગ્રસ્તો જોખમની બહાર છે અને તેમની હાલત સ્થિર છે.

### છત્તીસગઢના મહાસમુંદમાં...

પહાડ પરથી નીચે આવી રહી હતી ત્યારે તેની કેબલ તૂટી ગઈ હતી. અગાઉ ટ્રોલીમાં આઠ લોકો હોવાના અહેવાલ હતા.મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને તેની વિગતવાર તપાસના આદેશ આપ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રોલી 200 થી 300 ફૂટની ઊંચાઈએથી નીચે પડી હતી. આ રોપવે સેવાનો ઉપયોગ ભક્તો સામાન્ય રીતે લગભગ 1,100 ફૂટની ઉંચાઈ પર આવેલા મંદિર સુધી પહોંચવા માટે કરે છે. મુલાકાતીઓ લગભગ 900 પગથિયાં ચઢીને પણ મંદિર સુધી પહોંચી શકે છે. એસડીએમએ જણાવ્યું હતું કે, ભોગ બનનારા લોકો ચાલુ નવરાત્રી ઉત્સવ દરમિયાન બાગબહારા તાલુકાના ખલ્લારી (ભીમખોજ) ગામમાં પહાડ પર સ્થિત ખલ્લારી માતાના મંદિરે દર્શન કરવા આવ્યા હતા.એસડીએમએ વધુમાં જણાવ્યું હતું કે, રાયપુરની 28 વર્ષીય આયુષી સત્કાર નામની મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના પતિ 29 વર્ષીય ઋષભ ધાવરે (અને અન્ય એક સગીર સંબંધી 16 વર્ષીય છાયાંશ ધાવરે સહિત અન્ય છ લોકો ઘાયલ થયા હતા.

### CEC જ્ઞાનેશ...

વલણ રાખવા જેવા મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યા છે.

**ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા**

ઉલ્લેખનીય છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટના જજ જેવી જ જટિલ હોય છે, જેમાં સંસદના બંને ગૃહોમાં મહાભિયોગનો પ્રસ્તાવ પસાર કરવો પડે છે. જો બંને ગૃહમાં આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવે, તો લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષ દ્વારા સંયુક્ત રીતે એક સમિતિ બનાવવામાં આવે છે જેમાં ભારતના ચીફ જસ્ટિસ અથવા સુપ્રીમ કોર્ટના એક જજ, 25 હાઈકોર્ટ પૈકી એકના ચીફ જસ્ટિસ અને એક કાયદાવિદની બનેલી સમિતિ આ આરોપોની તપાસ કરશે.

# અમરેલીમાં વિરાટ શેડનું લોકાર્પણ કરતાં સીએમ

**રૂ.707** કરોડના 24 વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાના વિકાસને નવી ગતિ આપતા કુલ 707 કરોડના 24 વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમાં 681.78 કરોડના 14 કામોના ખાતમુહૂર્ત અને 25.23 કરોડના 10 કામોના લોકાર્પણનો સમાવેશ થાય છે. અમરેલી APMC ખાતે યોજાયેલી જનસભામાં મુખ્યમંત્રીએ ખેડૂતો માટે 12 કરોડના ખર્ચે બનાવાયેલા વિશાળ "વિરાટ શેડ"નું પણ લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અમરેલી જિલ્લાના વિકાસ માટે ઉદાર હાથે નાણાં ફાળવશે અને ગુણવત્તાયુક્ત કામ દ્વારા વિકાસયાત્રા આગળ ધપાવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં અમરેલી માટે આશરે 36,000 કરોડના એમઓયુ થયા છે, જે જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે.

# ધોરણ ૧૨ની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કરનાર વિધર્મી ઝડપાયો

**સોશિયલ** મીડિયાથી સંપર્કમાં આવ્યા બાદ નગ્ન ફોટા મંગાવ્યા

**ફોટાના** આધારે બ્લેકમેલ કરી પાલની હોટલમાં લઇ જઇ શરીરસંબંધ બાંધી વિડીયો ઉતારી લીધો

**સગીરાના** ભાઇના હાથમાં મોબાઇલ આવતા ભાંડો ફૂટ્યો, ભાઇને પણ ઉંચકાવી લેવાની ધમકી આપી

સુરતઃ સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવેલી ઈચ્છાપોરમાં રહેતી ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીને વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી. તે તેને હોટેલમાં લઈ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ કર્યું હતું. એટલું જ નહીં તેણે કિશોરી પાસે વોટ્સએપ પર મંગાવેલા નગ્ન ફોટા અને અંગત પળના વીડિયોના આધારે તેને બ્લેકમેલ કરતો હતો. આ મામલો પોલીસમાં પહોંચતા લંપટ યુવાનની ધરપકડ કરવામાં આવી છે.

ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી સગીરા ગત માર્ચ-૨૦૨૫માં ઈન્સ્ટાગ્રામ મારફતે ક્રિષ્ણાનગર સોસાયટીમાં રહેતા ૨૩ વર્ષીય મોહંમદ સાજીદ ઉર્ફે અહદ મોહંમદ જાવેદ પઠાણના સંપર્કમાં આવી હતી. તેણે તેને લગ્નનું વચન આપી તેની પાસેથીવોટ્સએપ પર તેના નગ્ન ફોટાઓ મંગાવવાનું શરૂ કર્યું હતું.

આ ફોટા સોશિયલ મીડિયામાં ફરતા કરવાની ધમકી આપી તેતેને પાલ વિસ્તારની એક હોટલમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી તેનો પણ વીડિયો ઉતારી લીધો હતો. તેના આધારે તે તેને બ્લેકમેલ કરી ઘરની આસપાસ આંટા મારતો હતો.

જ્યારે સગીરાનો મોબાઈલ તેના ભાઈના હાથમાં આવ્યો અને આ સમગ્ર કરતૂત ખુલ્લી પડી ગઈ. તે સાજીદને સમજાવવા ગયો, ત્યારે આરોપીએ 'તને ઊંચકાવીને ગમે ત્યાં ફેંકી દઈશ' તેવી ધમકી આપી હતી. બનાવની ફરિયાદ થતાં ઈચ્છાપોર પોલીસે મોહંમદ સાજીદની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી શહેરની એક ગ્લાસની દુકાનમાં મજૂરી કામ કરે છે.